જા.નં./મા-૪/સેમિનાર/૨૦૨૩/ 17175

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/3, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.~~૨૭/૧૦~~/૨૦૨૩ ૦૯

પ્રતિ,
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,
સુરત શહેર માધ્યમિક શિક્ષણ સંઘ,
સ્વ.સુમંતરાય ત્રિવેદી સારસ્વત ભવન, SBI બેંકની સામે,
નાનપુરા, સુરત.

**વિષય-:** શૈક્ષણિક સેમીનારના આયોજન અંગે મંજુરી આપવા બાબત
**સંદર્ભ-:** પ્રમુખશ્રી, સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘનો તા.૧૬/૦૯/૨૦૨૩નો પત્ર

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ તથા જિલ્લા શિક્ષણાધિકારી સુરતના સંયુક્ત ઉપક્રમે તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ શિક્ષકોમાં શૈક્ષણિક સજ્જતા કેળવાય અને NEP-2020 અંતર્ગત માર્ગદર્શન પ્રાપ્ત થાય તે હેતુથી એક દિવસીય સેમિનાર નીચે મુજબના સ્થળે યોજવા નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ના આઈટમ નંબર ૩૫ અનુસાર સેમિનાર અન્વયે માન્ય ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે આધારે સેમિનાર માટે ફી શિક્ષક દીઠ ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) તથા સેમિનારમાં માધ્યમિક શાળા દીઠ ચાર શિક્ષકોના પ્રવાસ અને ભથ્થાનો ખર્ચ નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચ, જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવો.

આ સેમિનારમાં ભાગ લેનાર ચાર શિક્ષકો ઉપરાંત અન્ય ભાગ લેનાર શિક્ષકોને તે દિવસની માત્ર ડ્યુટી લીવ મળશે.

**તારીખ – ૨૧/૧૦/૨૦૨૩, શનિવાર**

**સ્થળ– કન્વેશન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, ઉધના મગદલ્લા રોડ, સુરત.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

<u>**નકલ રવાના :**</u>

- આચાર્યશ્રી, સુરત શહેરની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તમામ, સુરત.